## **શિક્ષણ વિભાગ**

**મંગળવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)**ના રોજ હાથ ધરાનાર સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ **(સાતમો દિવસ) (શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગ)** પરની ચર્ચામાં ભાગ લેનાર માન. સભ્યશ્રીઓનું પ્રવચન

**માન. સભ્યશ્રી શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા (૭૫– ધોરાજી)**

---

**ઉચ્ચ શિક્ષણ**

**માન. અધ્યક્ષશ્રી**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસંધાને અગાઉની RUSA યોજનાને **૨૪ જૂન ૨૦૨૩**થી **પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન(PM UShA)ના** નવા નામ અને નવા પ્રાવધાન સાથે શરુ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા જમ્મુથી સવારે ૧૧:૦૦ વાગ્યે ઉચ્ચ શિક્ષણના વિવિધ **૭૮ પ્રોજેક્ટ** માટે દેશના દરેક રાજ્યોની યુનિવર્સિટીઓ માટે **રૂપિયા ૩૬૦૦ કરોડના બજેટ**ની જાહેરાત કરવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી**

**આજનો દિવસ ગુજરાતના ઉચ્ચ શિક્ષણ માટે ગૌરવવંતો છે**

- **પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન(PM UShA) અંતર્ગત** ગુજરાતની **બે યુનિવર્સિટી**ઓને મલ્ટી ડીસીપ્લીનરી એજ્યુકેશન અને રીસર્ચ સ્કીમ (MERU) હેઠળ **રૂપિયા ૧૦૦/૧૦૦ કરોડ**નું અનુદાન જાહેર કરવામાં આવેલ છે. જેમાં

**(૧) વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી–સુરત**

**(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી–રાજકોટનો સમાવેશ થયેલ છે.** તથા

**માન. અધ્યક્ષશ્રી**

ગુજરાતની અન્ય ચાર યુનિવર્સિટીઓને (**ગુજરાત યુનિવર્સિટી–અમદાવાદ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જુનાગઢ, ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ યુનિવર્સિટી–કચ્છ ભુજ** તથા **સરદાર પટેલ યુનિવર્સિટી–આણંદ**) દરેકને યુનિવર્સિટીના સશક્તિકરણ માટે **રૂપિયા ૨૦/૨૦ કરોડ**ની આજે ફાળવણી કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦** (NEP) શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાં અનેક સંસ્થાકીય અને માળખાકીય ફેરફારોના વિચાર સાથે અમલમાં આવેલી છે.

**માન. અધ્યક્ષશ્રી**

NEP ૨૦૨૦ના વિઝન અને ધ્યેયોને વેગ આપવા માટે એક ચોક્કસ રોડમેપ બનાવીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે અનેકવિધ પગલાઓ લીધેલ છે. NEP ૨૦૨૦ના અમલીકરણમાં અન્ય રાજ્યોની હરોળમાં ગુજરાત સરકાર સૌથી આગળ છે.

**માન. અધ્યક્ષશ્રી**

વર્ષ ૨૦૨૩માં ૧૧ જેટલી રાજ્યની યુનિવર્સિટીઓમાં એક સમાન કાયદો લાવી NEPમાં સૂચવેલા માર્ગદર્શનનો ત્વરિત અમલ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- ગુજરાત વિધાનસભા દ્વારા **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ લાગુ કરવામાં આવેલ છે.**આ કાયદાથી ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ, વિદ્યાર્થીલક્ષી બાબતો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવેલ સુધારો કરવામાં આવેલ છે.**"ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩"**ની કલમ ૨૧માં દર્શાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા એક મૉડેલ સ્ટેચ્યુટ્સ પ્રદાન કરવામાં આવશે અને દરેક યુનિવર્સિટીઓએ તેનો અમલ કરવાનો રહેશે.

**માન. અધ્યક્ષશ્રી**

- ગુજરાતના **૩૩ જીલ્લાઓમાં એક્સેસ અને ઈક્વિટી** સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ યુનિવર્સિટીઓ, જેમાં ૧૬ પબ્લિક યુનિવર્સિટીઓ,૦૨ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ, ૧૦ ઈન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેકટોરલ યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**માન. અધ્યક્ષશ્રી**

- ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં **એડ્મિશન માટે એક કોમન એડમીશન પોર્ટલ** વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે જેમાં શરૂઆતથી અંત સુધીની એડ્મિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુરક્ષિત એપ્લિકેશન તરીકે વિકસાવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- ફેબ્રુઆરી ૨૦૨૪ થી **ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી** ખાતે ગુજરાત કોમન એડમીશન પોર્ટલ દ્વારા એડમીશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. તેમજ આગામી શૈક્ષણિક સત્રથી રાજ્યની તમામ યુનિવર્સિટીઓ ખાતે સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના એડમીશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**માન. અધ્યક્ષશ્રી**

- ગુજરાત સરકારે બહુવિધ/આંતર–શિસ્ત શિક્ષણ અને સંશોધન આપવા માટે **સાત યુનિવર્સિટીઓને "સેન્ટર ઑફ એક્સેલન્સ (COE)"** તરીકે જાહેર કરી છે. જેમાં

    ૧. અમદાવાદ યુનિવર્સિટી,

    ૨. CEPT યુનિવર્સિટી,

    ૩. CHARUSAT યુનિવર્સિટી, ચાંગા

    ૪. DAIICT કોલેજ, ગાંધીનગર

    ૫. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ

    ૬. નિરમા યુનિવર્સિટી, ગોતા

    ૭. PDEU પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર

**માન. અધ્યક્ષશ્રી**

- **NEP ડેશબોર્ડનું** વ્યૂહાત્મક આયોજન અને ડિઝાઈનિંગ કરેલ છે.

- ઈન્ડીયન નોલેજ સીસ્ટમ(IKS)ને લગતા અભ્યાસક્રમો અને કાર્યક્રમો શરૂ કરવા માટે **ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી** દ્વારા **GTU સેન્ટર ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ**ની સ્થાપના કરવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી**

- રાજ્ય સરકારે **"ગુજરાત NEP સેલ"** ની રચના કરી છે, જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ) માં શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણીને આવરી લેતા તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરશે.
- **નેશનલ એજ્યુકેશન પોલિસી 2020** ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ટૂંકા ગાળાના (1-3 વર્ષ), મધ્યમ ગાળાના (4-6 વર્ષ) અને લાંબા ગાળાના (7-10 વર્ષ) લક્ષ્યાંકો તૈયાર કર્યા છે.

**માન. અધ્યક્ષશ્રી**

- શિક્ષણ વિભાગ દ્વારા **કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્ક** અને **સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)** જાહેર કરવામાં આવ્યો છે. તેનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાગુ થશે તથા ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ઓટોનોમસ કોલેજોએ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય SOPનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે.

**માન. અધ્યક્ષશ્રી**

- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે હેતુને ધ્યાનમાં લઈને બહુ શાખાકીય સર્વગ્રાહી શિક્ષણ પ્રદાન કરવા નવા અભ્યાસક્રમો શરુ કરવાની NEP ૨૦૨૦માં જોગવાઈ છે. તે અંતર્ગત

**માન. અધ્યક્ષશ્રી**

- **શ્રી કે કા શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજ કોન્ફેડરેશન** (સેન્ટર ઓફ એક્સેલન્સ) હેઠળ એક જ કેમ્પસની છ કોલેજોને યુ.જી.સીની ભલામણ મુજબ કલસ્ટર કરીને કન્ફેડરેશનની સ્થાપના કંપની એક્ટની સેક્શન ૮ મુજબ કરવામાં આવી છે. જે **મલ્ટી ડીસીપ્લીનરી કોર્સિસ** સાથે ક્રેડિટ ટ્રાન્સફર, વોકેશનલ એજ્યુકેશન, ટેક્નોલોજીનો ઉપયોગ, મલ્ટિપલ એન્ટ્રી–એક્ઝિટ વગેરેને સક્ષમ કરશે.